# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-08-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પોલેન્ડ અને યુક્રેનનો પ્રવાસ સંપન્ન - પ્રધાનમંત્રીએ આ મુલાકાત ફળદાયી રહી હોવાનું જણાવ્યું.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢ ખાતે નક્સલ વિરોધી કામગીરી પર બેઠકોની અધ્યક્ષતા કરશે.
- ✓ જમ્મુ-કાશ્મીરમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં.
- ✓ સરકાર દ્વારા 156 જેટલી એન્ટિબાયોટિક્સ, પેઇનકિલર્સ અને મલ્ટીવિટામિન દવાઓ પર પ્રતિબંધ મૂકાયો.
- ✓ ભારતીય હવામાન વિભાગે ગુજરાત, પશ્ચિમ મધ્ય પ્રદેશ, ત્રિપુરા અને મિઝોરમમાં છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી કરી.
- ✓ ભારતીય મહિલાઓએ અંડર-17 વિશ્વ કુસ્તી સ્પર્ધામાં પ્રથમ ખિતાબ જીત્યો.

### ***PM MODI TWITT ON UKRAIN***

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલેન્ડ અને યુક્રેનની તેમની ઐતિહાસિક બે દેશોની મુલાકાત પૂર્ણ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેમની યુક્રેન મુલાકાત પર જણાવ્યું હતું કે, તેઓ બંને દેશો વચ્ચે મિત્રતા ગાઢ બનાવવાના ઉદ્દેશ્ય**

સાથે યુક્રેન આવ્યા હતા. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી સાથે ફળદાયી વાટાઘાટો કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત દ્રઢપણે માને છે કે શાંતિ હંમેશા જીતવી જોઈએ. આ સાથે પ્રધાનમંત્રીએ આતિથ્ય સત્કાર બદલ યુક્રેનની સરકાર અને લોકોનાં આભાર માન્યો હતો.

.................

## *REV. PM - UKRAINE VISIT*

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ કહ્યું છે કે તેમના દેશ અને રશિયા વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવાના વૈશ્વિક રાજદ્વારી પ્રયાસોમાં ભારત મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. શ્રી ઝેલેસ્કીનું આ નિવેદન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનની તેમની પ્રથમ યાત્રા મુલાકાત દરમિયાન તેમને ભારત આવવાનું આમંત્રણ આપ્યા બાદ આવી છે.અને કહ્યું છે કે તેઓ ભારતની મુલાકાત માટે આતુર છે. શ્રી ઝેલેન્સ્કી પ્રધાનમંત્રી મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત બાદ ભારતીય મીડિયાને સંબોધિત કરી રહ્યા હતા. તે દરમ્યાન તેમણે કહ્યું કે શ્રી મોદોએ કહ્યું છે કે યુક્રેન અને રશિયા બંનેએ સાથે બેસીને કોઈપણ સમય બગાડ્યા વિના યુદ્ધ સમાપ્ત કરવા વિશે વાત કરવી જોઈએ. તેમણે કહ્યું કે ફેબ્રુઆરી 2022માં યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારત શાંતિના પક્ષમાં છે.

યુક્રેનના રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું છે કે તેમણે શ્રી મોદીને ભારતના નેજા હેઠળ વૈશ્વિક દક્ષિણ દેશોની બીજી યુક્રેન શાંતી શીખર સંમેલનનું આયોજન કરવામાં આવે તેવો પ્રસ્તાવ પણ મુક્યો. જૂનમાં સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રથમ યુક્રેન શાંતિ શીખર સંમેલન યોજાયું હતું. તેમાં 90 થી વધુ દેશો અને વૈશ્વિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. ભારતે કહ્યું કે તે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે તમામ પક્ષો સાથે વાતચીત કરવાનું ચાલુ રાખશે.. શ્રી ઝેલેન્સકીએ કહ્યું કે ભારત યુક્રેનની રાષ્ટ્રીય અખંડિતતા અને સાર્વભૌમત્વનું સમર્થન કરે છે

.................

## *AMIT-SHAH---CHHATTISGARH*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છત્તીસગઢની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન આજે નક્સલ વિરોધી કામગીરી પર અનેક બેઠકોની અધ્યક્ષતા કરશે. શ્રી શાહ આજે સવારે રાયપુર જિલ્લાના ચંપારણમાં મહાપ્રભુ વલ્લભાચાર્ય આશ્રમની મુલાકાત લેશે. બાદમાં તેઓ આંતર-રાજ્ય સંકલન અંગે છત્તીસગઢ અને પડોશી રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોની બેઠકની અધ્યક્ષતા કરશે. ત્યારપછી તે રાજ્યના ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા અને ત્યાંના વિકાસ પર એક બેઠકની અધ્યક્ષતા કરશે. ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી ત્યારથી છત્તીસગઢમાં નક્સલ વિરોધી અભિયાન તેજ થયું છે. આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 142 નક્સલવાદીઓ માર્યા ગયા છે.

શ્રી અમિત શાહ આવતીકાલે સવારે રાયપુરમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ઓફિસનું ઉદ્ઘાટન કરશે અને સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. આ પછી તેઓ છત્તીસગઢમાં સહકારી ક્ષેત્રના વિસ્તરણ પર એક બેઠકની અધ્યક્ષતા પણ કરશે.

.................

## *J&K-POLL ELECTION*

જમ્મુ-કાશ્મીરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કાશ્મીરી શરણાર્થીઓને મતદાનની વિશેષ સુવિધા આપવા માટે ચૂંટણી પંચે જમ્મુ, ઉધમપુર અને દિલ્હીમાં 24 વિશેષ મતદાન કેન્દ્રો સ્થાપ્યા છે. જમ્મુ અને ઉધમપુરના વિવિધ રાહત શિબિરોમાં રહેતા કાશ્મીરી શરણાર્થીઓ 24 વિશેષ મતદાન મથકો પર મતદાન કરી શકશે. જેમાં જમ્મુમાં 19, ઉધમપુરમાં 1 અને દિલ્હીમાં 4 મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીરની તમામ 90 વિધાનસભા બેઠકો પર 18 અને 25 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. જે માટે મતદાનની

તારીખો પર જાહેર રજા જાહેર કરાઈ છે. અને કહ્યું છે કે કોઈપણ વ્યવસાય, વેપાર, ઔદ્યોગિક ક્ષેત્રોમાં નોકરી કરતા દરેક મતદારને પેઇડ રજા મળશે. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 5 લાખ 66 હજાર યુવાનો સહિત 23 લાખ 27 હજારથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. પ્રથમ તબક્કામાં 18 સપ્ટેમ્બરે 7 જિલ્લાની 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. કાશ્મીર વિભાગના અનંતનાગ, પુલવામા, શોપિયાં, કુલગામ અને જમ્મુ વિભાગના ડોડા, રામબન અને કિસ્તોવાડ જિલ્લાઓ માટે સૂચના જારી કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં કાશ્મીર વિભાગની 16 અને જમ્મુની 8 વિધાનસભા બેઠકો પર મતદાન થશે.

.................

## *FSSAI - FARMERS*

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા - FSSAI એ રાજ્યોને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવા વિનંતી કરી છે અને ખેડૂત સ્તરે જંતુનાશકો પર દેખરેખ કરવા માટે આંતર-મંત્રાલય સમિતિની સ્થાપના કરી છે. કેન્દ્રીય સલાહકાર સમિતિની 44મી બેઠકને સંબોધતા FSSAIના મુખ્ય કાર્યકારી અધિકારી જી. કમલા વર્ધન રાવે જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કૃષિ પદ્ધતિઓ સુરક્ષિત અને ટકાઉ રહે. તેમણે જણાવ્યું હતું કે, મોબાઈલ લેબ ગ્રાહક જાગૃતિ વધારવા અને ખાદ્ય સુરક્ષા પ્રથાઓ વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રસારિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *HEALTH-MEDICINE-BAN*

સરકાર દ્વારા 156 જેટલી  એન્ટિબાયોટિક્સ, પેઇનકિલર્સ અને  મલ્ટીવિટામિન દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો  છે.આ બાબતે સમીક્ષા બાદ જાણવા મળ્યું કે આ દવાઓ આરોગ્ય માટે હાનિકારક છે. આરોગ્ય મંત્રાલયે એક જાહેરનામામાં કહ્યું કે આ 156 દવાઓમાં અમુક ડોઝ કોમ્બિનેશનનો ઉપયોગ અતાર્કિક છે. મંત્રાલયે કહ્યું કે આ દવાઓના ઉપયોગથી લોકો માટે જોખમની સંભાવના છે જ્યારે સલામત વિકલ્પો ઉપલબ્ધ છે.

આ નિર્ણય સરકારની નિષ્ણાત સમિતિ અને ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ-ડીટીએબી દ્વારા કરવામાં આવેલી તપાસ બાદ લેવામાં આવ્યો છે,

મંત્રાલયે કહ્યું કે ડીટીએબીને આ સંયોજનોના દાવા સાચા ન જણાયા અને દર્દીને લાભ કરતાં વધુ નુકસાન થાય છે તે ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે.

.................

## *IMD-RAIN*

ભારતીય હવામાન વિભાગે આવતીકાલે ગુજરાત, પશ્ચિમ મધ્ય પ્રદેશ, ત્રિપુરા અને મિઝોરમમાં છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, મેઘાલય અને પૂર્વ રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ અને બિહારમાં ભારે વરસાદની આગાહી કરી છે

.................

## *PM-MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

.................

## *UNDER-17 WORLD CHAMPIONSHIP*

ભારતીય મહિલાઓએ જોર્ડનના અમ્માનમાં રમાઈ રહેલી અંડર-17 વિશ્વ કુશ્તી સ્પર્ધામાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખી 185 અંક સાથે પ્રથમ ખીતાબ જીત્યું છે. જાપાન 146 અંક સાથે બીજા ક્રમે અને કઝાકિસ્તાન 79 અંક સાથે ત્રીજા ક્રમે છે. કાજલ ભારત તરફથી સુવર્ણ ચંદ્રક જીતનારી દેશની પાંચમી મહિલા રેસલર બની છે. કાજલે 69 કિગ્રા વજન વર્ગમાં યુક્રેનની મહિલા ખેલાડીને 9-2થી હરાવીને જીત મેળવી હતી. શ્રુતિકા પાટીલે 46 કિગ્રા વજન વર્ગમાં રજત ચંદ્રક જીત્યો હતો. રાજ બાલાએ 40 કિગ્રા વજન વર્ગમાં જાપાનની મોનાકા ઉમેકાવાને 11-5થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો જ્યારે મુસ્કાને 53 કિગ્રા વજન વર્ગમાં અમેરિકાની ઈસાબેલા ગોન્ઝાલેસને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારતીય મહિલાઓએ સ્પર્ધામાં પાંચ સુવર્ણ, એક રજત અને બે કાંસ્ય સહિત કુલ આઠ ચંદ્રક જીત્યા હતા. ભારત પાસે હવે આ સ્પર્ધામાં કુલ 10 ચંદ્રક છે, જેમાં ગ્રીકો-રોમન રેસલિંગ સ્પર્ધામાં બે કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

.................

## *PM- NEPAL - NEPAL-BUS ACCIDENT*

નેપાળ બસ અકસ્માતમાં જીવ ગુમાવનારા મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના 24 લોકોના મૃતદેહ આજે પરત લાવવામાં આવશે. મૃતદેહોને ઉત્તર પ્રદેશના ગોરખપુર લાવવામાં આવશે, અને ત્યાંથી ભારતીય વાયુસેનાના વિમાનમાં નાસિક લઈ જવામાં આવશે, અને પછી તેમને તેમના પરિવારજનોને સોંપવામાં આવશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે મૃતદેહોને મહારાષ્ટ્ર પાછા લાવવા અંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે વાત કરી હતી. શ્રી શિંદેએ કહ્યું કે કેન્દ્રીય ગૃહ મંત્રીએ તેમને સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી છે, અને સમગ્ર પ્રક્રિયાના સંકલન માટે એક વિશેષ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેપાળના તનાહુન જિલ્લામાં થયેલા માર્ગ દુર્ઘટનાને લઈ શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારતીય દૂતાવાસ અસરગ્રસ્તોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલો જલદી તકે સાજા થાય તેવી પ્રાર્થના કરી છે. આ સાથે શ્રી શિંદેએ પણ આ 24 લોકોના મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. અને તેમણે નેપાળમાં રાહત કામગીરીની સમીક્ષા કરી.

.................

## *NEWS PAPER HEADLINES*

અને હવે સાંભળીએ આજનાં અખબારોની મહત્વની હેડલાઈન...

1. આજનાં લગભગ તમામ અખબારોમાં ફ્રન્ટ પેજ પર હેડલાઈન તરીકે ભારત યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવામાં મદદગાર બનશે- આ ન્યુઝ છવાયેલા છે. ગુજરાત સમાચાર લખે છે ભારત શાંતિના પક્ષમાં રશિયા – યુક્રેને વાતચીત કરવાની જરૂર. દિવ્ય ભાસ્કર લખે છે યુક્રેન અને રશિયા શાંતિનો માર્ગ શોધે ભારત

મદદ કરશે. રાજસ્થાન પત્રિકા જણાવે છે કે, બિના વક્ત ગવાયે શાંતિ કી ઓર બઢે – પીએમ મોદી.

2. અન્ય સમાચારોમાં દિવ્યભાસ્કર લખે છે, રિલાયન્સ હોમ ફાયનાન્સના ફંડમાં ગરબડીને ; લીધે શેરબજારમાં પાંચ વર્ષ માટે અનિલ અંબાણી પર પ્રતિબંધ મુકાયો.
3. નેપાળમાં ભારતીય બસ નદીમાં ખાબકતા - 27 ના મોત થયા હોવાના સમાચાર - ગુજરાત સમાચાર, સંદેશ, નવ ગુજરાત સમય, ઇન્ડિયન એક્સ્પ્રેસમાં પ્રથમ પાને લેવાયા છે. આ સાથે દિવ્ય ભાસ્કર જણાવે છે કે, આર.જી.કર મેડિકલ કોલેજ ગેરરીતિની તપાસ સીબીઆઈ કરશે ,
4. આ સાથે ગુજરાત સમાચાર લખે છે. છતીસગઢમાં 47 જવાનોના હત્યારા નક્સલીનું આત્મસમર્પણ - ગુ. સમાચાર
5. ખાનગી  અને મ્યુનિ.મેડિકલ કોલેજોમાં MBBS માં 2 થી 4.60 લાખ ફી નો વધારો.